ગાંધીનગર સમાચાર



# ગાંધીનગરના વધુ નવ યાત્રિકો હેમખેમ પરત

ગાંધીનગર, તા. ૨૩

કુદરતનો પ્રકોપ કેવો હોય છે, તેનો અહેસાસ ચારધામની યાત્રાએ ગયેલા લોકોએ કર્યો છે. ગઈકાલે મોતને પરાસ્ત કરીને જય અંબે પરિવારના ૨૬ યાત્રિકો ગાંધીનગર પરત આવ્યા હતા.

આજે યમરાજ દરવાજે દસ્તક દઈ ગયા હોય તેવો અનુભવ કરનાર ગાંધીનગરના બે દંપતી અને પાંચ વ્યક્તિઓ મળી કુલ નવ જણા ગાંધીનગર રેલવે સ્ટેશને ઉતર્યા હતા. રેલવે સ્ટેશને આવેલા યાત્રિકોને તેમના સ્વજનો સહિત ગાંધીનગરના અગ્રણીઓ આવકાર આપવા આવ્યા હતા. આજે ગાંધીનગર ખાતે આવેલા યાત્રિકો પોતાની જાતને નસીબદાર ગણાવી રહ્યા હતા. કારણ કે મોટાભાગના યાત્રીકોએ મોતનો તાંડવ ખેલાયો તેનાથી થોડાક દૂરના અંતરે હતા. તો કોઈ યાત્રીકો સલામત જગ્યાએ રોકાયેલા હતા. પરંતુ જીવનમાં ન જોયા હોય તેવા તારાજીના દશ્યો અને ભારે હાલાકીના ભોગ બન્યા છે. કુદરતની શક્તિ આગળ કાળા માતાનો માનવી પાંગળો છે તે વાતને આજે ગાંધીનગરના રેલવે સ્ટેશને ઉતરેલા તમામ યાત્રીકોએ સ્વીકારી હતી. તેમણે વેઠેલી મુશ્કેલીઓ અને તારાજીના દશ્યોની વાત તેમના મુખે કરી હતી. ત્યારે તેમના સ્વજનોના પણ રૂંવાડા ઉભા થઈ ગયા હતા.



આજે રેલવે સ્ટેશને ટ્રેન આવી તે પહેલા ગુજરાત સરકારના સીવીલ ડિફેન્સના પણ કર્મચારીઓ આવી ગયા હતા. તેઓ પરત આવેલા યાત્રીકોની વિગત એકઠી કરતાં ગાંધીનગરથી આ ટીમ ટ્રેનમાં બેસી ગઈ હતી. આ ટ્રેનમાં બેઠેલા વ્યક્તિઓ કાલુપુર રેલવે સ્ટેશને ઉતરે તે પછી ગુજરાત સરકાર દ્વારા યાત્રીકોને તેમના ઘર સુધી પહોંચાડવાની ફ્રી સર્વિસની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

## લશ્કરના જવાન ભગવાનના દૂત જેવા લાગ્યા...

ગાંધીનગરના સેક્ટર-૨૧માં આવેલી જગદીશ સ્ટીલ દુકાનના માલિક મહેશભાઈ બી. પટેલ પણ ચારધામની યાત્રાએ ગયા હતા. તેમની સાથે તેમના મિત્ર રાજુભાઈ ડી. પટેલ અને ભરત એ. પટેલ તથા તેમના પત્ની ચંદ્રિકાબેન અને ભાભી પ્રેમીલાબેન પણ આ યાત્રામાં ગયા હતા.



૧૬મી જૂન, ૨૦૧૩ના રોજ મહેશભાઈ અને તેમના સાથીઓ ગંગોત્રી ખાતે હોટલમાં હતા ત્યારે ભારે વરસાદ થતાં ત્યાં રોકાઈ જવું પડ્યું હતું. જે હોટલના રૂમમાં રોકાયા હતા તેની આગળની એક હોટલનું મકાન પત્તાના મહેલની જેમ તુટી પડતા નજરે જોયું હતું. મેઘતાંડવ થયા બાદ ત્યાં જમવાની, પીવાના પાણીની અને લાઈટ સુવિધા મળતી ન હતી. તેઓએ પોતાની સાથે લઈ ગયેલ એકસો બોક્સ મીનરલ વોટર પણ લોકોની સેવામાં સમર્પિત કરી દીધા હતા. સ્થાનિક સરકારી તંત્રની સેવા શૂન્ય હોવાનું જણાવ્યું હતું. લશ્કરના જવાનો યાત્રાળુઓ માટે ભગવાનના દૂત હોય તેવું લાગતું હતું.

## હવે, હું ક્યારેય ચારધામની યાત્રાએ નહિ જવું...

ગાંધીનગરના પાદરે આવેલા વાવોલ ગામમાં રહેતાં અને માહિતી ખાતામાં ફરજ બજાવતા ટોપણદાસ ખેમચંદભાઈ કલાણી, તેમના પત્ની નિર્મલાબેન અને દિકરા જીગ્નેશ સાથે તા. ૯મી જૂનના રોજ ચારધામની યાત્રો જવા નીકળ્યા હતા.



શ્રી કલાણીએ જણાવ્યું હતું કે અમે કુદરતનો પ્રકોપ કેવો હોય છે તેનો અહેસાસ કર્યો છે. અને ટ્રાફિકમાં ફસાઈ ગયા હતા. ટ્રાફિકમાં એક દિવસ ખાધા-પીધા અને પાણી વિના વિતાવ્યો છે. બીજા દિવસે અમે સર્વ લોકો ૧૦ કિલોમીટર ચાલીને ગુપ્તકાશી પહોંચ્યા છે. તેના રામપુર ગામમાં રોક્યા હતા. કુદરતની દયાથી ધર્મશાળા મળી ગઈ હતી. જેથી તે રાત સારી ગઈ હતી. પણ સોનપ્રયાગ પાસે અમે જ્યાં રોકાયા હતા ત્યાં એક જર્જરિત મકાનમાં હતા. એ રાતે સતત મકાન ધરાશય થશે તેના ભય નીચે વિતાવી છે. કલાણીભાઈના પત્ની નિર્મલાબેને જણાવ્યું હતું કે, હવે ક્યારેય હું ચાર ધામની યાત્રાએ મારા જીવનમાં નહિ જવું.

# પ્રિ-મોન્સુન ટ્રીટમેન્ટ બાદ પણ સેક્ટરોમાં સ્ટ્રીટલાઈટો ડૂલ !

## વરસાદ બાદ સે. ૩, ૪ અને ૨૧ના કેટલાક આંતરિક વિસ્તારમાં અંધારપટ

ગાંધીનગર, તા. ૨૩

વરસાદી દિવસો દરમિયાન સેક્ટરોમાં અંધારપટ ન સર્જાય તે માટે તંત્ર દ્વારા પ્રિ-મોન્સુન ટ્રીટમેન્ટ કરવામાં આવી હતી. પરંતુ વરસાદી ઝાપટા બાદ સેક્ટરોનાં આંતરિક વિસ્તારમાં સ્ટ્રીટલાઈટો ડુલ થઈ જતા સાંજ ઢળતા જ અંધારપટ છવાઈ જાય છે.

ચોમાસાની શરૂઆત થતા જ સેક્ટરોમાં વરસાદી સમસ્યાઓ ઉભરાતી નજરે પડે છે. સેક્ટરોમાં વરસાદી પાણીના ભરાવા વચ્ચે ઠેર-ઠેર ગંદકીએ સામ્રાજ્ય જમાવ્યું છે. પ્રારંભિક વરસાદના અંતે જ સેક્ટરો વરસાદી સમસ્યાઓથી ઘેરાતા રહીશો તોબા પોકારી ગયા છે. સેક્ટરોમાં વરસાદી ઋતુના પ્રારંભ બાદ સ્ટ્રીટલાઈટો ડુલ થવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. શહેરના સેક્ટરોમાંથી સ્ટ્રીટલાઈટો ડુલ હોવાની ફરિયાદો સંદર્ભે તંત્ર કામે લાગ્યું છે. સે. ૩, સે. ૪ તેમજ સે. ૨૧ના આંતર વિસ્તારમાં વરસાદ બાદ સ્ટ્રીટલાઈટો ડુલ થતા અંધારપટ છવાયેલો જોવા મળે છે. જો કે સૂત્રોના જણાવ્યા અનુસાર સેક્ટરોમાં ચોમાસા દરમિયાન સ્ટ્રીટલાઈટો ડૂલ ન થાય તે માટે પ્રિ-મોન્સુન ટ્રીટમેન્ટ આપી તકેદારીના પગલા લેવાયા હતા. જેના પરિણામે સ્ટ્રીટલાઈટો બંધ રહેવાની ફરિયાદોનું પ્રમાણ ઘટ્યું છે. અલબત્ત સમગ્ર શહેરમાં ફરિયાદનું પ્રમાણ માત્ર ૩ ટકા જેટલું જ છે જ્યારે બંધ સ્ટ્રીટલાઈટો ચાલુ કરવા પણ ટીમ કામે લાગી છે.

# ધો. ૧૦ની નવી પરીક્ષા પદ્ધતિ સામે વધતો રોષ

## ધો. ૧૦ના વાર્ષિક પરિણામમાં ૩૦ માર્કસ શાળાઓ મુકે અને ૭૦ માર્કસ બોર્ડની પરીક્ષાના મુકાય તે પદ્ધતિમાં વિદ્યાર્થીઓને અન્યાય થાય છે

ગાંધીનગર, તા. ૨૩

શિક્ષણક્ષેત્રે દર વર્ષે થતા નવા નવા અખતરા બાળકોના ભાવી સાથે ચેંડા કરે છે. આ વર્ષથી ધો. ૧૦ માટે અમલી બનાવાયેલી પરિણામ પદ્ધતિના કારણે ઘણા વિદ્યાર્થીઓએ અન્યાય થયો હોવાની લાગણી વ્યક્ત કરી છે. ૩૦ માર્કસ શાળાકીય પરિણામના અને ૭૦ માર્કસ બોર્ડની પરીક્ષાના, એમ તૈયાર થતુ પરિણામ અન્યાયપૂર્ણ જણાય છે. ઘણી શાળાઓએ નબળા વિદ્યાર્થીઓને પણ ૩૦માંથી ૨૭-૨૮-૨૯ જેટલા માર્કસ મુક્યા છે. ધો. ૧૦ની પરીક્ષાનું પરિણામ બોર્ડ જ જુની પદ્ધતિ મુજબ તૈયાર કરે તેવી લાગણી વ્યક્ત થઈ રહી છે.

સૌથી વધુ અખતરા જો કોઈ ક્ષેત્રમાં થતાં હોય તો તે છે શિક્ષણ. સેમેસ્ટર પદ્ધતિથી લઈને દર વર્ષે અભ્યાસક્રમ બદલવાની પ્રવૃત્તિ બાળકોના ભાવિ સાથે ચેંડા કરે છે. શિક્ષણ અને પરિણામ પદ્ધતિમાં વારંવાર કરાતા ફેરફારોના કારણે દર વર્ષે વાલીઓ પર ખર્ચનો નવો નવો બોજ તો આવે જ છે પરંતુ સાથે સાથે બાળકો પણ નવા અખતરાઓનું ખરાબ પરિણામ મેળવે છે. આ વર્ષે ધો. ૧૦ માટે નવી પરિણામ પદ્ધતિ અમલમાં મુકવામાં આવી. જેમાં ધો. ૧૦ના વાર્ષિક પરિણામમાં વિષય દીઠ ૩૦ માર્કસ શાળાઓએ મુકવાના અને બાકીના ૭૦ માર્કસ બોર્ડની પરીક્ષાના મુકવાના રહેતા હતા.

શાળાઓ જયારે માર્કસ મુકવાની હોય ત્યારે સ્વાભાવિકપણે જ વહાલાદવલાની નીતિ અપનાવાય. ઘણી શાળાઓએ નિયમ મજુબ માર્કસ મુક્યા તો ઘણીખરી શાળાઓએ પોતાની શાળાનું પરીણામ ઉંચુ દેખાડવા નબળા અને હોંશીયાર બંને વિદ્યાર્થીઓના માર્કસ ૨૭-૨૮-૨૯ જેટલા ઉંચા મુક્યા. જેનો ભોગ હોંશીયાર વિદ્યાર્થીઓ જ બન્યા. આ વર્ષે જાહેર થયેલા પરીણામથી આ કારણે જ ઘણા વિદ્યાર્થીઓ અને વાલીઓ નારાજ છે. હોંશીયાર વિદ્યાર્થીઓને અન્યાયનો ભોગ બનવુ પડ્યુ છે. વિદ્યાર્થીઓ અને વાલીઓને પરીક્ષા પદ્ધતિમાંથી જ રસ ઉડી જાય તેવી આ વ્યવસ્થા છે.

### પ્રશ્નોરા નાગર મરણ

અમારા **સ્વ. પૂ. પિતાશ્રી નરહરિભાઈ ગુલાબરાય ભટ્ટ**, ઉ.વ. ૯૪ (ભાવનગરની નાટ્ય સંસ્થા 'યંગ ક્લબ'ના છેલ્લા કલાકાર) તા. ૨૦-૬-૨૦૧૩ના રોજ કૈલાસવાસી થયા છે. **સદ્‌ગતની ઇચ્છાનુસાર બેસણું કે કોઇપણ લૌકિક ક્રિયા રાખવામાં આવી નથી.**

**પૌત્ર : સચિન, ખંજન, કરણ** — **ભર્ગદેવ ભટ્ટ**

**પૌત્રી : મિનલ, કિંજલ** — **ડો. જનાર્દન ભટ્ટ**

**દોહિત્ર : ધવલ, પથિક, હાર્દિક** — **દેવેન ભટ્ટ**

**પ્રપૌત્ર : વિશેષ, પ્રપૌત્રી, વિક્ષા**

સરનામું : 'વરેણ્યમ્', પ્લોટ નં. ૪૩૮/એ/૨, ગીતાંજલિ પાર્ક, સેક્ટર-૮/બી, ગાંધીનગર










Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com